વડીલોને વંદન અભિનંદન

અંજનાબેન મહેશભાઈ રાવલ
(૧૯૫૫) મો.૯૪૨૬૬૩૩૦૬૭

દહેગામમાંથી બિલ વગરના મોબાઈલો વેચતો પાકીસ્તાની વેપારી ઝડપાયો

રૂ. ૪.૧૩ લાખની કિંમતના ૩૦૧ મોબાઈલો એલસીબીએ જપ્ત કરીને વેપારીની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર એલસીબીની ટીમ દહેગામ ખાતે પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ગોમતી કોમ્પલેક્ષમાં એક મોબાઈલ શોપ પર વેપારી બિલ વગરના મોબાઈલો વેચે છે. જેને આધારે ટીમે દરોડો પાડીને રૂ. ૪.૧૩ લાખના ૩૦૧ મોબાઈલ જપ્ત કરીને અનઅધિકૃત રીતે મોબાઈલનો વેપાર કરતા વેપારીની ધરપકડ કરી લઈને ઊંડી તપાસ શરૂ કરી છે. આ શખ્સ પાકિસ્તાનના સીંધ રાજ્યમાંથી એકાદ વર્ષ પહેલા જ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ એમ.સી. ગોહીલ તથા એએસઆઈ કરણસિંહ, અબ્બાસખાન તથા પો.કો. સંદિપકુમાર, ભૌમિકભાઈ સહિતની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન માહીતી મળી કે દહેગામ બસ સ્ટેન્ડ પાસે સ્થિત ગોમતી કોમ્પલેક્ષની દુકાન નં. ૨૫ લકી સુપર મોબાઈલ નામની મોબાઈલ શોપમાં બિલ વગરના મોબાઈલોનું મોટા પાયે વેચાણ થાય છે. જેને આધારે દરોડો પાડીને હાલ નવા નરોડા રહેતો અને દહેગામમાં મોબાઈલની દુકાન ચલાવતો વેપારી મોતીરામ ભુરાલાલ ખત્રીને ચાઈના તથા વિવિધ કંપનીઓના ૩૦૧ મોબાઈલ (કિં.રૂ. ૪,૧૩,૮૦૦) સાથે પકડી પાડ્યો હતો. એલસીબીએ તપાસ કરતાં પાકીસ્તાનના સીંધ રાજ્યના ઉત્તર કોટ વિસ્તારથી આ શખ્સ વિઝા ઉપર આવ્યો છે અને છેલ્લા એક વર્ષથી દુકાન ચલાવતો હતો. તેના વિઝા અમદાવાદ સુધીના હતા તેમ છતાં દહેગામ ખાતે અનઅધિકૃત રીતે મોબાઈલનો વેપાર કરતો હતો. જે અંગે વધુ તપાસ દહેગામ પોલીસે શરૂ કરી છે.

આઠમું નોરતુ

કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

કેટેગરી	વિજેતા ખેલૈયા
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ	ઓમી પટેલ - વિનર
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ	દક્ષ ઠાકર - રનર્સઅપ
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ	ધ્યાની જોષી - વિનર
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ	હીર શાહ - રનર્સ અપ
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ	આર્યન સાગર - વિનર
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ	મેઘ શાહ- રનર્સ અપ
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ	ખુશી રાવલ - વિનર
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ	જીયા ગજજર - રનર્સ અપ
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ	ભાર્ગવ યાજ્ઞિક - વિનર
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ	યુગ પંડિત - રનર્સ અપ
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ	રિશિકા શુકલ - વિનર
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ	રીયા ગાંધી - રનર્સ અપ
બેસ્ટ ડ્રેસ પ્રિન્સ	પ્રશાંત પ્રજાપતિ - વિનર
બેસ્ટ ડ્રેસ પ્રિન્સ	રાજ મોરલ - રનર્સ અપ
બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ	વૈશાલી શર્મા - વિનર
બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ	કૃતિ ઠાકર - રનર્સ અપ
બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના)	કશ્યપ દવે - વિનર
બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના)	પિનાકીન વ્યાસ - રનર્સઅપ
બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના)	હિમા કણસાગરા - વિનર
બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના)	નિશા જોષી - રનર્સ અપ
બેસ્ટ પેર	મહર્ષિ ઠાકર એન્ડ ક્ષમા ઠાકર - વિનર
બેસ્ટ પેર	હિતેન્દ્રસિંહ ઠાકુર-અરૂણસિંહ ઝાલા - રનર્સ અપ
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ	મનદીપસિંહ વાઘેલા - વિનર
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ	ભાવેશ આગજા - રનર્સ અપ
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ	કિંજલ પટેલ - વિનર
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ	અનન્યા શુકલ - રનર્સ અપ

માણસામાં આવતી કાલે સ્વચ્છતા અભિયાન અને ચામડીના રોગ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૩

માણસામાં આવેલા વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આનંદી માંના વડલાના વડીલો અને ગ્રામભારતી અમરાપુર ટ્રસ્ટ સંચાલિત ગ્રામ શાળા ગ્રામભારતીના બાળકો તેમજ શિક્ષકગણ અને માણસા નગરપાલિકાના પદાધિકારીઓ અને સ્ટાફના સંયુકત ઉપક્રમે ગાંધી જયંતિ નિમિત્તે 'સ્વચ્છ ભારત' કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા અભિયાનનું આયોજન તા. ૫મી ઓકટોબરને રવિવારના રોજ સાંજના ૩-૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં માણસાના નગરજનો તેમજ સેવાભાવી સંસ્થાઓને જોડાવા માટે નમ્ર અપીલ સાથે નિમંત્રણ આનંદી માંના વડલાના વડીલો દ્વારા આપવામાં આવેલ છે.

આજ દિવસે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ચામડીના રોગોના નિદાન અને સારવારના એકસઠમાં કેમ્પનું પણ આયોજન બપોરના ૨ થી ૬ દરમિયાન કરવામાં આવેલ છે. જેમાં ચામડીના રોગોના નિષ્ણાત ડોકટર હાજર રહીને સેવાઓ આપનાર છે. આ અંગેનું રજીસ્ટ્રેશન બપોરના ૧૨ વાગ્યાથી શરુ થશે તો જેને પણ સારવારનો લાભ લેવો હોય તે લઈ શકે છે તેમ ટ્રસ્ટના માનદ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ વ્યાસ દ્વારા જણાવવામાં આવેલ છે.

સેકટર-૩-એ ન્યુ નવરાત્રી ગરબા મહોત્સવ સમિતિ ૨૦૧૪ દ્વારા માતાજીની દુર્ગાષ્ટમી નિમિત્તે ૧૦૦૧ દિવડાઓની મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ હતું તેનીએક ઝલક. (તસવીર : ભાગ્યેશ ભાવસાર)

ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા અનોખો ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની સૌથી જુની અને પ્રતિષ્ઠિત સ્કુલોમાંની એક

એવી શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ (ગુરુકુલ)ની ૧૯૮૭ની એસ.એસ.સી.ની સ્ટાર બેચનો એક અનોખો કહી શકાય તેવો 'ચાલો ફરીથી બાળપણ માણીએ'ની થીમ આધારિત ગેટ ટુ ગેધર કાર્યક્રમ સીટી પલ્સ પરિસરમાં આવેલ ચીલી કોરીએન્ડરના બેન્કવેટ હોલમાં તા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૪, રવિવારના રોજ યોજાઈ ગયો.

આ ગ્રુપના સંયોજક મધુસુદન દવેના જણાવ્યા અનુસાર લગભગ ૨૭ વર્ષ પછી ૧૯૮૭ની એસ.એસ.સી.ની બેચના મોટા ભાગના વિદ્યાર્થીઓ કે જે આજે અલગ અલગ ક્ષેત્રોમાં ઘણા ઉંચા સ્થાનો શોભાવી રહ્યા છે તે તમામનો સંપર્ક કરીને તેમને ૨૮મી સપ્ટેમ્બરના રોજ આ કાર્યક્રમમાં આમંત્રિત કર્યા હતા. જેમાં ગાંધીનગરના પ્રતિષ્ઠિત ડોકટર્સ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, બિઝનેસમેન, એન્જીનીયર્સ, કોન્ટ્રાકટર્સ, સીએ, વેપારીઓ તથા ગાંધીનગર સિવાયના શહેરો, બીજા રાજયો અને બીજા દેશોમાં વસતા જાણીતા કવિ, બિલ્ડર, આર્કિટેકટ વગેરે જેવા અનેક જુદા જુદા અનેક ક્ષેત્રોની વિવિધ પર્સનાલીટીઓનો સમાવેશ થાય છે.આ અનોખા કાર્યક્રમમાં સામાન્ય મેળાવડાઓથી સાવ અલગ અને અનોખી એવી બાળપણની થીમ ઉપર આધારીત ચાલો રીવર્સમાં જઈએ એવા ટાઈટલ વાળો કાર્યક્રમ હેમાંગ રામી અને ભાવેશ પટણીએ રજુ કર્યો.

અનેક વિધ રમુજી અને સ્કુલના કલાસ ચાલતા હોય તેવું અનુભવાય તેવા કાર્યક્રમો ખુબ મોટા થઈ ગયેલા વિદ્યાર્થીઓએ રજુ કરીને સમયને જાણે રીવર્સ ગિયરમાં નાખીને જાણે કે ૧૯૮૭ની સ્કુલના સમયમાં લઈ જવામાં સફળ રહ્યા હતા. સાત સમુંદર પાર રહેલ અથવા ગેરહાજર રહેલા એવા અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ મેસેજ દ્વારા પોતાની હાજરી પુરાવેલી.

પ્રાંતિજના બાળ કલાકારો મુંબઈની નવરાત્રી ઉજવણીમાં ઝળહળ્યા

પ્રાંતિજ, તા. ૩

મા જગતજનનીના નવલા નોરતાની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. નવરાત્રીના અંતિમ દિવસોમાં ખેલૈયા અને ભક્તો મનમુકીને મા ના ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. ત્યારે પ્રાંતિજ તાલુકાના નનાનપુરના બાળ ગાયક કલાકાર ચિરાગ આચાર્ય, જુલી સાધુ અને સુલોચના વ્યાસની ટીમ મહારાષ્ટ્રના મુંબઈમાં સંગીતની સુરાવલી રેલાવી ખેલૈયાઓના હૈયા ડોલાવી રહ્યા છે. ગરવી ગુજરાતના કંઠની આગવી ઓળખ આપી ગુજરાત સહિત જિલ્લાનુ ગૌરવ વધારી રહ્યા છે.

કાંકરેજ યુવા રાજપૂત મંડળ દ્વારા શસ્ત્ર પૂજા કરાઈ

શિહોરી, તા.૩

કાંકરેજ રાજપૂત કેળવણી મંડળ દ્વારા દેવ દરબાર જાગીર મઢ ખાતે આજે દશેરા નિમિત્તે શસ્ત્ર પૂજન તેમજ વિવિધ સામાજિક કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં મહંત બળદેવનાથજી એ સમાજમાં કુરીવાજો અને શિક્ષણનો વ્યાપ વધારવા વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ માં જોડાવવા માટે અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં મંડળના પ્રમુખ ગાંડાજી વાઘેલા સહિત મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને યુવાનો હાજર રહ્યા હતા. ઉપરાંત જય યુવાન-જય રાજપૂતના જય ઘોષ સાથે સભ્ય નોંધણીનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

હિંમતનગરમાં મોતીપુરા સર્કલ ખાતેથી જિલ્લા પ્રભારી સચિવ જયંતિ રવિ સહિત વરિષ્ઠોની ઉપસ્થિતિમાં સ્વચ્છતા ઝૂંબેશનો પ્રારંભ

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના -ભારી સચિવ જયંતિ રવિ ધારાસભ્ય રાજેન્દ્ર સિંહ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, નગરપાલિકા -મુખ શંકરભાઈ કહાર, સહિત વરિષ્ઠ પદાધિકારીઓ/ અધિકારીઓની ઉપસ્થિતિમાં સાબરકાંઠા જિલ્લાનાં મુખ્યમથક હિંમતનગરમાં મોતીપુરા સર્કલ ખાતે રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીબાપુની -તિમાને સુતરાંજલી અપર્ણ કર્યા બાદ સમગ્ર ભારતવર્ષમાં આજથી શરૂ થયેલા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા ઝુંબેશનો -રંભ કરાયો હતો.

મોતીપુરા ખાતે ઉપસ્થિત મહાનુભાવો અને નગરજનોને સ્વચ્છતા ઝુંબેશમાં સહભાગી બનવાનાં સામૂહિક શપથ લીધા હતા, આ સફાઇ મહાભિયાનમાં ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા ઝુંબેશ માટેની બેનર્સ-પ્લેકાર્ડ સહિતની જનજાગૃતિ રેલીને મોતીપુરા સર્કલ ખાતેથી લીલી ઝંડી ફરકાવીને -સ્થાન કરાવ્યું હતું. -થમિક-માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ, એન.સી.સી.નાં છાત્રો, હોમગાર્ડસ-ગ્રામરક્ષક દળનાં જવાનો, વન વિભાગનાં બીટ નિરીક્ષકઓ, વિવિધ સંસ્થાના પદાધિકારીઓ, શહેરનાં અગ્રણીઓ વગેરે સાથેની અને 'સ્વચ્છતા ત્યાં -ભુતો', 'સ્વચ્છતા ત્યાં સન્માન', 'ગંદકી ભગાવો સ્વચ્છતા લાવો' જેવા સુત્રોચ્ચાર કરતી આ રેલી છાપરીયા સર્કલ સુધી પહોંચી હતી. -ભારી સચિવ જયંતિ રવિ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન સહિત પદાધિકારીઓ/અધિકારીઓએ શહેરના માર્ગોની સફાઇ હાથ ધરી હતી.

ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ સમગ્ર દેશમાં વર્ષ ૨૦૧૯ માં રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મજયંતીના ઉપલક્ષમાં આજથી પૂ. ગાંધીબાપુને શ્રધ્ધાંજલી અર્પવાના ભાગરૂપે સ્વચ્છ ભારત અભિયાન સંદર્ભે સ્વચ્છતા અંગેની લોકજાગૃતિથી દેશની વિકાસ -ક્રિયાને વધુ વેગ મળશે.

જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને જણાવ્યા મુજબ ભારતનાં વડા-ધાનનાં સ્વચ્છ ભારત અભિયાનને જિલ્લા વહિવટીતંત્રએ એક મિશનના રૂપમાં ઉપાડી લીધુ છે અને આગામી સમયમાં ગુજરાત અને દેશનાં તેનાં ફળદાયી પરિણામો જોઈ શકાશે, તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

હિંમતનગર શહેરના વિસ્તારના વિવિધ વોર્ડમાં પણ સફાઇ કામગીરી હાથ ધરવા ચીફ ઓફિસર નવનીતભાઇ પટેલ, નગરપાલિકાના સદસ્યઓ સહિતની ૧૩ ટીમોએ વોર્ડમાં પહોંચીને સફાઇ કામગીરી હાથ ધરી હતી.

પાલનપુરમાં સ્વચ્છતા ઝુંબેશનો પ્રારંભ

પાલનપુર, તા.૩

'સ્વચ્છ ભારત સપ્તાહ' સરકારશ્રી દ્વારા સ્વચ્છતા સંબંધે લોકોમાં જાગૃતિ આવે તેવા શેરીઓ, રસ્તાઓ, કચેરીઓ, શાળા, કોલેજોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે તેમજ તમામ સરકારી કચેરીઓ, નદી-નાળા પાણીના સંપો, ટાંકીઓ, બોરો વગેરેની સફાઈ થાય તે રીતે આયોજન કરવામાં આવેલ હતું. નગરપાલિકા દ્વારા આ સપ્તાહ દરમિયાન રોડ, રસ્તાઓની સફાઈ, સોસાયટી મહોલ્લાની સફાઈ ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરી કચરાના ઢગલાંઓનો નિકાલ કરવામાં આવેલ છે. લોકજાગૃતિ માટે રેલીઓ, હોર્ડિંગ્સ બેનર વગેરે લગાવવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે ઘનિષ્ટ સફાઈ ઝુંબેશ ભારત સ્વચ્છતા મિશનની શુભ શરુઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં જિલ્લાના પદાધિકારીઓ, અધિકારી વિવિધ એન.જી.ઓના. પ્રતિનિધિઓ, મહાનુભાવો તથા બાળકો દ્વારા રેલીનું આયોજન કર્યું હતું. ગુરુનાનક ચોકથી સંજય ચોકથી થઈ ગઠામણ દરવાજાથી મીરાં ગેટ સુધી યોજાઈ હતી. લોકો સ્વચ્છતા પ્રત્યે જાગૃત થાય જીવનમાં સ્વચ્છતાનું કેટલું મહત્વ છે તે સમજે તેમજ નગરપાલિકાના સ્વચ્છતાની કામગીરીમાં સહકાર આપે અને આપણું પાલનપુર સ્વચ્છ પાલનપુર બને તે સૌ કટીબ્ધ્ધ થાય તેવી જાહેર અપીલ સાથે આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

જૂથ અથડામણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પથ્થરમારો કરીને ચાર જવાનોને ઘાયલ કર્યા હતાં. તો બીજી તરફ ઉગ્ર બનેલા ટોળાએ પોલીસની પી.સી.આર. વાનના કાચ તોડી હંગામો કર્યો હતો પેથાપુર પોલીસ મથકના જમાદાર લક્ષ્મણભાઈની ફરિયાદને આધારે ટોળા સામે રાયોટીંગ અનેપોલીસની કામગીરીમાં અડચણ ઉભી કરવા બદલ ટોળા સામે ગુનો નોંધી પેથાપુર પીએસઆઈ એસ.જે. વાઘેલાએ તપાસ શરુ કરી છે.

અચાનક આગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પાસેથી કોઈ કારણોસર આગ ભભુકી ઉઠી હતી. આસપાસ રહેતા પડોશીઓને આ અંગે જાણ થતા ફાયરબ્રિગેડને જાણ કરી હતી. ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમ તાબડતોબ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અન આગને કાબુમાં લઈ મકાનમાં વધુ નુકશાન થતા તથા આસપાસના મકાન સુધી આગ પ્રસરતા અટકાવી મોટી માલહાની થતા બચાવી લીધી હતી. આ દુર્ઘટનામાં ડાઈનીંગ ટેબલ, પંખા, ખુરશીઓ સહિત ફર્નિચર બળીને ખાખ થઈ ગયું હતું.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ
વડી કચેરી, સેક્ટર-૧૦એ, ગાંધીનગર

જાહેર હરાજી

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર ખાતે નીચે દર્શાવેલ બિન ઉપયોગી સામાનની જાહેર હરાજી તા. ૭/૧૦/૨૦૧૪ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ બાબતે રસ ધરાવતા વ્યક્તિ કે સંસ્થાના પ્રતિનિધિઓને હાજર રહેવા જણાવવામાં આવે છે.

સ્ટીલ ચેર, રીવોલ્વીંગ ચેર, ડ્રેનીંગ ચેર, એરક્યુલર નાના/મોટા, ટેબલ / ફ્લોર ટાઈલ્સ, વોટર કુલર, ટેબલ ફેન, એક્ઝોસ્ટ ફેન, દરવાજાની ફ્રેમ, લાકડાના દરવાજા, લાકડાની ફ્રેમમાં કાચના દરવાજા, એલ્યુમિનિયમ ભંગાર, વાહનનો ભંગાર (લોખંડ), પ્લાયવુડ

તા. ૨૩/૯/૨૦૧૪ — હાર્દિક શાહ
સ્થળ : ગાંધીનગર — સભ્ય સચિવ
માહિતી/૧૩૪૪/૨૦૧૪-૧૫

શબ્દાવલી - ૫૫૨૨



આડી ચાવી

૧. ગમે તેટલા પ્રયત્નો પછી પણ.... ના માન્યા (૩)
૩. વાસનાગ્રસ્ત (૪)
૬. ધૂળના એકદમ ઝીણા કણ (૨)
૭. ખેતીમાં... નાખવાથી ફળદ્રુપતા વધે (૩)
૮. કજિયો, અણબનાવ (૪)
૯. પ્રપંચ (૩)
૧૦. દેહ, શરીર (૨)
૧૧. ફુલમાંથી રજ (૫)
૧૪. મકાન તુટ્યા પછીનો ભંગાર (૪)
૧૭. માથાકુટ, ઉપાધિ (૪)
૧૯. દાખલો આપવો, ... આપવું (૫)
૨૦. પરૂ, રસી (૨)

ઊભી ચાવી

૧. પોલીસ ગુનેગારને પકડવા માટે...નું વોરંટ કઢાવે (૫)
૨. હકુમત, સત્તા (૨)
૩. આંબલીનું ફળ (૩)
૪. હરીનો... છે શૂરાનો નહિ કાયરનું કામ રે... (૩)
૫. ... મહિનો એટલે રોજાનો મહિનો (૪)
૭. ક્રિયેકો (૨)
૮. કાવાદાવા, ... કરવી (૪)
૧૦. સુગંધી-સ્વાદિષ્ટ લાકડું(૨)
૧૨. અત્યારની ગૃહિણીઓને... વગર ના ચાલે (૨)
૧૩. ડાયાબિટીશ વાળાએ... ઓછું ખાવું (૪)
૧૫. ઘરેણાં (૩)
૧૬. કિલોમીટર (૨)
૧૮. ભગવાનના નામનું રટણ કરવું (૨)

શબ્દાવલી ૫૫૨૧ના જવાબ

આડી ચાવી :- (૧) સમતુલા (૪) દમામ (૬) લારી (૭) વાહિયાત (૮) મઝધાર (૧૦) મધ (૧૨) રાસલીલા (૧૩) સવા (૧૪) સતી (૧૬) હિલચાલ (૧૮) માઇક (૨૦) ધાપ (૨૧) મજા (૨૨) આલીશાન

ઊભી ચાવી :- (૧) સલામત (૨) મરીઝ (૩) લાવારસ (૪) દયા (૫) માતમ (૯) ધારાવાહિક (૧૧) ધરતીકંપ (૧૫) તમામ (૧૭) ચારોલી (૧૯) ઇજા (૨૦) ધાન

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · R.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable · CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯